# હરિયાણામાં ૭૩ અને મહારાષ્ટ્રમાં ૬૪ ટકા મતદાન

મુંબઈ, ચંદીગઢ,તા. ૧૫

મહારાષ્ટ્ર અને હરિયાણામાં સઘન સુરક્ષા વચ્ચે આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મધ્યમથી ભારે મતદાન થયું હતું. એક બાજુ હરિયાણામાં રેકોર્ડ ૭૩ ટકાથી વધુ મતદાન થયું હતું. બીજી બાજુ મહારાષ્ટ્રમાં ૬૩થી ૬૫ ટકા વચ્ચે મતદાન થયું હતું. બંને રાજ્યોમાં મતદાન યોજાયા બાદ તમામ રાજકીય પક્ષોએ પોતપોતાની જીતના દાવા કર્યા હતા. સવારથી જ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારમાં જ ટ્વિટર ઉપર મતદાન કરવા માટે લોકોને અપીલ કરી હતી. સવારથી મતદાનની શરૂઆત થયા બાદથી આને લઈને ઉત્સાહ રહ્યો હતો. હરિયાણાના ઈતિહાસમાં હજુ સુધીનું સૌથી જંગી મતદાન થયું હતું. હરિયાણામાં કેટલીક જગ્યાએ ફરિયાદો પણ ઉઠી હતી. ભાજપના ઉમેદવારે આક્ષેપ કર્યો હતો કે, નારનોલમાં બાસ ગામ ખાતે આઈએનએલડીના વર્કરોએ બુથ ઉપર કબજો જમાવવાનો પ્રયાસ કર્યો હતો. બંને રાજ્યોમાં સંતોષજનક મતદાન નોંધાયું હતું. આની સાથે તમામ મોટા માથાઓના ભાવિ સીલ થઈ ગયા હતા જેમાં પૂર્વ



મુખ્યમંત્રી પૃથ્વીરાજનો પણ સમાવેશ થાય છે. અગાઉ મોટા ભાગના મતદાન મથકો પર શરૂઆતમાં જ લાંબી લાઈનો જોવા મળી હતી. મહારાષ્ટ્રમાં ૧૬૯૯ અપક્ષ સહિત ૪૧૧૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. કોંગ્રેસે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૨૮૭ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ભાજપે ૨૮૦ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે શિવ સેનાએ ૨૮૨, એનસીપીએ ૨૭૮ અને એમએનએસે ૨૧૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. હરિયાણમાં ૧૦૯ મહિલા સહિત ૧૩૫૧ ઉમેદાવારો મેદાનમાં છે. તમામના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે રવિવારે ચિત્ર સ્પષ્ટ થશે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પર ચૂંટણી પંચે ચાંપતી નજર રાખી હતી. મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનને લઈને તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. કોઈ પણ ગેરરિતીને રોકવા પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનોની સાથે સાથે કેમરા પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. બન્ને રાજ્યોમાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સવારથી જ ભારે ઉત્સાહિત દેખાયા હતા. મહારાષ્ટ્રમાં ૨૮૮ અને હરિયાણામાં ૯૦ બેઠકો માટે મતદાન યોજાયું હતું આજે મતદાન બાદ રવિવારે મતગણતરી યોજાશે. પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન મોદીએ પણ આક્રમક પ્રચાર કરીને કોંગ્રેસ અને અન્યો ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા.

## મહારાષ્ટ્રમાં ભાજપને હવે બહુમતિ મળશે : જાવડેકર

પુણે,તા. ૧૫

ભાજપ શાનદાર જીત મેળવશે તેઓ દાવો કરતા ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, મહારાષ્ટ્રના લોકો રાજ્યમાં પરિવર્તન માટે મત આપી ચુક્યા છે. મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જાવડેકરે કહ્યું હતું કે, લોકોમાં અભૂતપૂર્વ આત્મવિશ્વાસ દેખાઈ રહ્યો છે. લોકો સારા સંચાલન અને ગુડ ગવર્નન્સ માટે મત આપી ચુક્યા છે. ભાજપની તરફેણમાં નિર્ણાયક જનમત લોકો આપી રહ્યા છે. ઘણા વર્ષ બાદ મહારાષ્ટ્રમાં ફરી એક પક્ષનું શાસન રહેશે. આ ચૂંટણી એવી ચૂંટણી છે જેમાં લોકો પરિવર્તન માટે મત આપી રહ્યા છે. લોકો ગુડ ગવર્નન્સ ઈચ્છે છે. છેલ્લા ૧૫ વર્ષથી લૂંટ ચલાવી રહેલા લોકોને ફેંકી દેવા તૈયાર થઈ ચુક્યા છે. બોલીવુડ ફિલ્મની જેમજ આ વખતે પણ ભાજપ જોરદાર સપાટો બોલાવશે. લોકસભાની ચૂંટણી ધૂમ ફિલ્મ સમાન હતી જેથી વિધાનસભાની ધૂમ-૨ સમાન રહેશે. મહારાષ્ટ્ર દેશની સાથે આગળ વધશે. મહારાષ્ટ્રમાં આક્રમક ચૂંટણી પ્રચાર બદલ નરેન્દ્ર મોદીની ટિકા કરી રહેલા વિરોધ પક્ષો ઉપર પ્રહાર કરતા જાવડેકરે કહ્યું હતું કે, આ ખુબ જ હાસ્યાસ્પદ બાબત છે. મોદી વધારે પડતી રેલી કરે અને વિરોધ પક્ષો ટિકા કરે તે બાબત સચિન તેંડુલકર વધુ રન બનાવે તેની ટિકા સમાન છે. મોદી સવારે પાંચ વાગે ઉઠી જાય છે. તમામ કામગીરી પૂર્ણ કરીને પોતાની જવાબદારી પ્રચારની સંભાળી રહ્યા હતા. તેઓ ૧૧ વાગે ઉઠનાર નેતાઓમાં નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, જો ભાજપ બહુમતિથી સહેજમાં પાછળ રહી જશે તો શું સ્થિતિ સર્જાશે.

૧૯મી ઓક્ટોબર બપોરે ૧૨ વાગ્યા સુધી રાહ જોવાની વાત કરીને જાવડેકરે કહ્યું હતું કે, ભાજપને બહુમતિ મળશે તેવો અમને વિશ્વાસ છે.

## મુખ્યમંત્રી નાયડુની રાહત ઓપરેશન પર હવે નજર

વિશાખાપટ્ટનમ,તા. ૧૫

આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રાબાબુ નાયડુ વિશાખાપટ્ટનમમાં જ રોકાયેલા છે. તેઓ પોતે રાહત ઓપરેશન પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ચોખા, દાળ, ખાદ્ય તેલ અને શાકભાજી જેવી ખાદ્ય વસ્તુઓ અસરગ્રસ્ત લોકો સુધીલ પહોંચાડવાની સુચના તેમણે આપી દીધી છે. સરકારે એવી જાહેરાત પણ કરી છે કે ઓછી કિંમતે શાકભાજી ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. કેટલાક વેપારી પરિસ્થિતીનો લાભ ઉઠાવીને ઉંચી કિંમતે ચીજવસ્તુઓ વેચી રહ્યા છે તેવી ફરિયાદ મળ્યા બાદ આની જાહેરાત કરવામાં આવી છે. ગઈકાલે મળેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાણીની બોટલ અને દુધના ભાવ રૂપિયા ૧૦૦ ઉપર પહોંચી ગયા હતા. વિશાખાપટ્ટનમમાં અન્ય વિસ્તારોમાંથી પરિવહન સેવા શરૂ થઈ ગઈ છે. શાકભાજી અને અન્ય જરૂરી પુરવઠો હવે પહોંચી રહ્યો છે.

## ઉત્તરાખંડના ચારેય ધામને રેલવે નેટવર્ક સાથે જોડાશે

દહેરાદુન,તા. ૧૫

ઉત્તરાખંડના ચારેય ધામને રેલવે નેટવર્ક સાથે જોડી દેવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચારેય ધામને રેલવે નેટવર્ક સાથે જોડી દેવાનુ વચન આપ્યા બાદ આ દિશામાં ઝડપી કામગીરી શરૂ તઈ રહી છે. દેશના કરોડો શ્રદ્ધાળુઓને આના કારણે મોટી રાહત મળી શકે છે. રેલવે વિકાસ નિગમના અધિકારી આ રૂટના સર્વેની કામગીરી હાથ ધરવાની તૈયારી કરી ચુકી છે. રેલવે વિકાસ નિગમના અધિકારી ભાનુપ્રતાપસિંહે કહ્યુ છે કે રેલવે અધિકારી ઝડપથી આ દિશામાં આગળ વધી ચુક્યા છે. સર્વેની કામગીરીને ટુંક સમયમાં પૂર્ણ કરી લેવામાં આવનાર છે. બીજી બાજુ રિશિકેશથી કર્ણપ્રયાગ સુધી ટ્રેકને બનાવવા માટે હજુ સુધી ઉદાસીનાતા દર્શાવનાર રેલવે વિકાસ નિગમ અને ઈટાલીની સંસ્થા જીઓ ડેટા પણ હવે સક્રિય છે. રેલવે વિકાસ નિગમના વરિષ્ઠ અધિકારી બર્નવાલ હાલના દિવસોમાં પોતાની ટીમની સાથે સંબંધિત ટીમો સાથે વાતચીત કરી રહ્યા છે. લેન્ડ બેંક અને સર્કલ રેટ મામલે માહિતી મેળવી લેવામાં આવી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ રિશિકેશથી કર્ણપ્રયાગના રેલવે ટ્રેકનુ કામ શરૂ કરવામાં આવ્યા બાદ સૌથી પહેલા બદ્રીનાથના રેલવે ટ્રેકનુ કામ શરૂ કરવામાં આવનાર છે. ત્યારબાદ અન્ય ધામોના રેલવે ટ્રેકનુ કામ શરૂ કરવામાં આવસે. ટેહરીમાં સિવપુરી રેલ સ્ટેશનના ભૂમિ અધિગ્રહણ દરખાસ્ત બનાવી લેવામાં આવી છે.

અહીં ૮૨ રેલવે સ્ટેશનોની દરખાસ્ત પણ પ્રાથમિક તબક્કામાં છે. રેલવે નેટવર્કની સાથે ચારે ધામને જોડી દેવામાં આવ્યા બાદ લોકોની તકલીફ ઘટી જશે અને લોકો વધારે પ્રમાણમાં પહોંચી શકશે. દેશના કોઈ પણ ભાગથી આવતા લોકોને મોટી રાહત થશે. વડાપ્રધાન મોદી પોતે આમાં સક્રિય દેખાઈ રહ્યા છે. જેથી તંત્ર પર ઝડપી કામનુ દબાણ છે.

## બંને રાજ્યમાં ભાજપ જ સરકાર બનાવશે : નડ્ડા

મુંબઈ, તા. ૧૫

ભાજપના વરિષ્ઠ નેતા જેપી નડ્ડાએ આજે દાવો કર્યો હતો કે, હરિયાણા અને મહારાષ્ટ્ર બંનેમાં ભાજપની શાનદાર જીત મળશે અને બંને રાજ્યોમાં ભાજપની સરકાર બનશે. તેમણે કહ્યું હતું કે, મતદારોએ ભાજપની તરફેણમાં મોટાપાયે મતદાન કર્યું છે. કોંગ્રેસની વિરુદ્ધમાં લહેર હોવાની તેમણે વાત કરી હતી. નડ્ડાએ એમ પણ કહ્યું હતું કે, બંને રાજ્યોના લોકો ગુડ ગવર્નન્સની વાત કરી રહ્યા છે જેથી મોદીની તરફેણમાં પ્રચંડ બહુમતિ આવનાર છે. આ વખતે બંને રાજ્યોમાં સમીકરણો જુદા જુદા રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. નરેન્દ્ર મોદીએ તમામ તાકાત ચૂંટણી પ્રચારમાં લગાવી દીધી હતી. મોદીની અસર આ વખતે પણ જોવા મળે તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણીમાં મોદી મેઝિક હેઠળ ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો.

## હુડહુડ ઈફેક્ટ : ઉત્તરપ્રદેશમાં પણ ભારે વરસાદ, ૧૮ના મોત

લખનૌ,તા. ૧૫

હુડહુડ વાવાઝોડાની માઠી અસર હેઠળ હવે ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના કારણે હજુ સુધી ૧૮ લોકોના મોત થઈ ચુક્યા છે. આ ઉપરાંત સંપત્તિને ભારે નુકસાન થયું છે. ઉત્તરપ્રદેશ સરકારે માહિતી આપતા કહ્યું છે કે મોતનો આંકડો ૧૮ થઈ ગયો છે. મોટી સંખ્યમાં મકાનો નાશ પામ્યા છે. રાજ્યના પૂર્વીય ભાગોમાં સૌથી વધારે અસર જોવા મળી રહી છે. અલબત્ત ભારે વરસાદ બાદ હવે બ્રેકની સ્થિતી છે. છતાં અનેક ભાગોમાં પાણી ભરાયેલા



છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે ઓક્ટોબરમાં સૌથી વધારે વરસાદનો ઉત્તરપ્રદેશમાં નવો રેકોર્ડ નોંધાયો છે. રાજ્યના પાટનગરમાં સૌથી ખરાબ હાલત થયેલી છે. ચારબાગ રેલવે સ્ટેશન, ઈન્દિરા નગર, ગામતીનગર અને સીતાપુર જેવા વિસ્તારમાં સૌથી વધારે હાલત ખરાબ થયેલી છે. તોફાની પવનની સાથે ભારે વરસાદના કારણે વીઝળી સેવા ઠપ થઈ ગઈ છે. ગઈકાલે ગોરખમાં સૌથી વધારે પાંચ ઈંચથી વધારે વરસાદ થયો હત. અલ્હાબાદ અને વારાણસીમાં પણ ભારે વરસાદ થયા બાદ હજુ પણ જનજીવન ખોરવાયેલુ છ. આગામી ૨૪ કલાક સુધી લોકોને કોઈ રાહત નહી મળવાની શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી બે દિવસ સુધી હુડ હુડની અસર ઘટી જશે અને વરસાદ પણ બંધ થઈ જશે. પરંતુ હાલમાં લોકોની હાલત કફોડી બનેલી છે. પ્રાદેશિક હવામાન વિભાગે કહ્યું છે કે ભારે વરસાદનો દોર જારી રહે તેવી શક્યતા છે. આગામી થોડાક દિવસોમાં તાપમાન નીચુ રહે તેવી શક્યતા છે. શિમલા કરતા પણ હાલ લખનૌમાં તાપમાન ઓછુ છે.

## કોલસા પ્રકરણમાં વધુ તપાસનો કોર્ટનો હુકમ

નવીદિલ્હી, તા. ૧૫

ખાસ અદાલતે કોલસા બ્લોક ફાળવણી કૌભાંડ કેસમાં વધુ તપાસ કરવાનો આજે આદેશ કર્યો હતો. વિકાસ મેટલ એન્ડ પાવર લિમિટેડ તેમજ તેના અધિકારીઓને આવરી લેતા કેસમાં તપાસ આગળ ચલાવવામાં આવશે. સીબીઆઈ દ્વારા આમા ક્લોઝર રિપોર્ટ રજૂ કરવામાં આવી ચુક્યો છે. કોર્ટે વધુ પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવા સીબીઆઈને આદેશ કર્યો છે. આ મામલામાં વધુ સુનાવણી ૧૦મી નવેમ્બરના દિવસે કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, વધુ તપાસની હજુ જરૂર રહેલી છે. સ્પેશિયલ સીબીઆઈ જજ ભારત પરાસરે માહિતી આપતા કહ્યું હતું કે, એક અલગ આદેશને લઈને મામલાને સીબીઆઈને સોંપી દેવામાં આવ્યો હતો. સીઆરપીસીની જોગવાઈ હેઠળ વધુ તપાસ કરવામાં આવી રહી છે. ૧૦મી નવેમ્બરના દિવસે વધુ તપાસ અંગે એક અહેવાલ સુપ્રત કરવા કહેવામાં આવા ચુક્યું છે. કોર્ટે તપાસ અધિકારી રાજબીર સિંહને કહ્યું હતું કે, ઉંડી તપાસ સાથે વધુ એક અહેવાલ રજૂ કરવામાં આવે તે જરૂરી છે. કોર્ટે કોલસા બ્લોક ફાળવણી કૌભાંડ કેસમાં જે રીતે તપાસ હાથ ધરવામાં આવી છે તેને લઈને સીબીઆઈના અધિકારીઓની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, સીબીઆઈના અધિકારીઓ તપાસની મૂળભૂત કુશળતા ધરાવતા નથી.

### માણસાઈની થાપણ (પાના નં. ૪ નું ચાલુ)

'મારી દીકરી મળતાવડી છે, પણ એ ત્યારે જ સારી રીતે વર્તે છે. જયારે એને મારા પાસેથી કશુંક જોઈતું હોય! મને આ બહું વિચિત્ર લાગે છે. એક બાળક એની નિર્દોષતાને લીધે જ માસૂમ દેખાય છે, પણ મારી દીકરી બહુ તૈયા છે. ને મારી પત્ની તો એના પિતાના ગાલીચાના વ્યવસાયમાં ખૂબ વ્યસ્ત રહે છે. ઘણુખરું ઘરમાં જ કામ કરતી હોવા છતાં એની પાસે મારા કે મારી દીકરી માટે સમય પણ નથી હોતો.' એ ક્ષણ વાર થોભ્યો ને પછી આગળ બોલ્યો. 'કે પછી એવું મને લાગે છે... પોતાના વ્યવસાય માટે મારી પત્નીને મારા તમામ ગ્રાહકો અને સંપર્કો જોઈતા હોય છે. એના માટે એક સાથીદાર કરતાં હું એક માહિતીપત્રક વધારે છું!'

વિષ્ણુની તકલીફ મને સમજાઈ ગઈ હતી. કયારેક પોતાના જ કુટુંબીઓ સાથે વાત કરવી મુશ્કેલ હોય છે. એને મારી પાસે આવવું સલામત લાગ્યું એ વાત મને સ્પર્શી ગઈ, પણ એને મારા પાસેથી ત્વરિત ઉકેલની અપેક્ષા હતી. એની મુશ્કેલી હું સાંભળું, એનો અર્થ એ નહીં કે એનો ઉકેલ પણ મને તરત મળી જાય.

વિષ્ણુએ આગળ કહ્યુ, 'તમે જ કહો, મેડમ, મારે દયાળું બનવું કંઈ રીતે? એક સુદઢ પરિવાર મારે કઈ રીતે બનાવવો? સૂર્યોદય ને ચાંદની માણવાની કોઈ પદ્ધતિ ખરી? આ બધું મેળવવા સમય કેટલો જોઈએ? મને આવું શીખવી શકે એવાં પુસ્તકો, એવા લોકો કે એવા ઝડપી અભ્યાસક્રમ હોય? પૈસા માગો એટલા ચૂકવવા હું તૈયાર છું. બસ, ખાલી આમાં મહિનાઓ ન નીકળી જવા જોઈએ.'

એનો આવો અભિગમ જોઈને હું તો ઘા ખાઈ ગઈ, 'વિષ્ણુ, દયા કે કરૂણા શીખવી, વેચી કે ખરીદી નથી શકાતી. એની કોઈ સમયમર્યાદા પણ ન હોઈ શકે. એ તો એવી ભાવના છે, લાગણી છે જેને શરૂઆતથી ઉછેરવી પડે છે... જીવનને તું એક મુસાફરી સમજી લે. આ ટૂંકી મુસાફરી દરમિયાન જ કોઈને તું દયા દેખાડી શકે તો એ આજે જ, હમણાં જ કર... આપણા પૂર્વજોને હંમેશા મધ્યમમાર્ગ સૂચવ્યો, એની પાછળ એક કારણ હતું : એ માર્ગ માણસને સ્થિર, સમતોલ, સુખી અને સંતુષ્ટ બનાવે છે. વિષ્ણુ, છોકરાંઓ માટે એના પિતા જ આદર્શ હોય ને એ તો જેવું જુએ એવું શીખે. એટલે તારી દીકરીએ એ જ કર્યુ, જે એણે તને કરતાં જોયો...'

વિષ્ણુએ એક નિસાસો નાખ્યો, 'સાચી વાત છે, મેડમ. મને સમજાય છે હવે, તમે જે કહેતા હતા ને આજે કહ્યું એ બધું જ... હવે હું મારી દીકરી સાથે નિયમિત રીતે ગરીબો માટે કામ કરીશ. એનાથી અમારી વચ્ચે એક નાતો પણ બંધાશે. હું આશા રાખું છું કે આવું કરવાથી હું એક બહેતર મનુષ્ય બનીશ અને જીવન મને ફરીથી જીવવા યોગ્ય લાગશે. તમારી પાસે આવવાનો મને બેહદ આનંદ છે. હું તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે...

આમ, દિલમાં આશા અને ચહેરા પર સ્મિત સાથે વિષ્ણુએ મારી પાસેથી વિદાય લીધી.

### હજુ સુધીનો સૌથી મોટો કરાર કરવામાં આવ્યો

# ૨૫૦ એરબસો ખરીદવા ઈન્ડિગોએ ઓર્ડર આપ્યો

નવી દિલ્હી,તા. ૧૫

ભારતની સૌથી મોટી સ્થાનિક એરલાઈન્સ ઈન્ડિગોએ વિમાનો માટે હજુ સુધીનો સૌથી મોટો ઓર્ડર આપી દીધો છે. ઈન્ડિગોએ ૨૫૦ એરબસ એ-૩૨ વનઓ વિમાન ખરીદવા માટેનો આદેશ આપી દીધો છે. એરબસ સાથે આ અંગેની સમજુતી કરી દેવામાં આવી છે. દરેક વિમાન માટેની કિંમત ૧૦૨ મિલીયન ડોલરની આસપાસ રહેશે. આની સાથે જ ઈન્ડિગોના આ ઓર્ડરની કુલ રકમ ૨૫.૫ અબજ ડોલરની આસપાસ રહે તેવી શક્યતા છે. હજુ સુધીની સૌથી મોટી એક સમજુતી તરીકે આને ગણવામાં આવે છે. આ અંગેના કરાર ઉપર હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા છે. નવા એમઓયુ પુરા થઈ ગયા છે. ઈન્ડિગોને ભારતની સૌથી મોટી લો-કોસ્ટ



એરલાઈન્સ તરીકે ગણવામાં આવે છે. ઈન્ડિગોના પ્રમુખ આદિત્ય ઘોસે માહિતી આપતા કહ્યું છે કે, આ નવો ઓર્ડર ઈન્ડિગોની કટિબદ્ધતાને દર્શાવે છે ભારત અને વિદેશમાં વિમાની સેવા લોકોને પોષાય તેવા દરે ઉપલબ્ધ કરાવવા ઈન્ડિગો કટિબદ્ધ છે. વધારાના વિમાનો મુકવામાં આવ્યા બાદ નવા ભાડાને લઈને સેવા ચાલુ રહેશે. અડચણમુક્ત સેવા યાત્રીઓને મળે તેનો મુખ્ય હેતુ છે. ઈન્ડિગોમાં રોજગારીની મોટી તકો લોકોને મળશે. ઈન્ડિગો ટીમ આ સમાચારને લઈ ખૂબ જ ખુશ છે. એરબસના પ્રમુખ ફેબ્રિક બ્રેગીયરે કહ્યું છે કે, ઈન્ડિગો સાથે તેમની સમજુતી થઈ ચુકી છે. આ વિમાનની તમામ ચકાસણી અગાઉ કરી લેવામાં આવી છે. ઈન્ડિગો અને તેના સહસ્થાપકોને અમે અમારામાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ અભિનંદન આપીએ છીએ. એ-૩૨ વનઓમાં નવી સુવિધા રહેલી છે. આ વિમાન ફ્યુઅલ બચતમાં પણ ૧૫ ટકા સુધી યોગદાન આપી શકે છે. વિમાન સમજુતી થયા બાદ આવનાર દિવસોમાં ઈન્ડિગો વધુ ક્ષેત્રોમાં તેની સેવા લંબાવે તેવી શક્યતા છે. ઈન્ડિગોની લોકપ્રિયતા ભારતમાં લો-કોસ્ટ કેરીયર તરીકે સતત વધી રહી છે.

## ચીનનો સામનો કરવા ભારત સરહદે વિશેષ રોડ બનાવશે

નવી દિલ્હી,તા. ૧૫

ચીનના વધતા પ્રભુત્વને ધ્યાનમાં લઈને ભારતે પણ આંતરારાષ્ટ્રીય સરહદે ખાસ રોડ તૈયાર કરવાની યોજના બનાવી લીધી છે. અરૂણાચલપ્રદેશના તાવાંગ જિલ્લામાં માગો-થિન્ગુબુખથી લઈને ચાંગલાંગ જિલ્લામાં વિજયનગર સુધી આંતરરાષ્ટ્રીય સરહદ પર રોડ બનાવાશે. આ રોડ લેન્ડ લોકડ રાજ્યના સરહદી વિસ્તારોને જોડશે. ચીનના પ્રભુત્વને રોકવામાં પણ આના કારણે મદદ મળશે. સરહદ પર ચીન વારંવાર દુસાહસ કરે છે. આવી સ્થિતીમાં સરહદી વિસ્તારમાં વધારે ઈન્ફ્રાસ્ટકચર સ્થાપિત કરવાની જરૂરીયાત ઉભી થઈ છે. ભારતીય જવાનોને આને કારણે ફાયદો થશે. કેન્દ્રિય ગૃહ રાજ્ય પ્રધાન કિરેન રિજ્જુએ કહ્યું છે કે આ રોડ સરહદી વિસ્તારોમાં મોટા પાયે લોકોની હિજરતને પણ રોકી શકશે. અહીં તમામ જરૂરી સુવિધા ઉભી કરવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કે ૨૦૦૦ કિલોમીટર લાંબા માર્ગ પર રોડ બનાવવાની બાબત વિચારણા હેઠળ છે. દરખાસ્ત તૈયાર કરી લેવામાં આવી છે. આ રોડ સરહદી સુરક્ષાની દ્રષ્ટિએ પણ ઉપયોગી સાબિત થશે. સાથે સાથે સરહદી વિસ્તારોના વિકાસે પણ ઝડપી બનાવી શકાશે. ગૃહ મંત્રાલયમાં સરહદી વિસ્તાર મેનેજમેન્ટનો ખાસ હવાલો સંભાળી રહેલા રિજ્જુએ કહ્યું હતું કે કેન્દ્રિય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નિતિન ગડકરીને આ સંબંધમાં વાત કરવામાં આવી છે. ટુંક સમયમાં જ આ દિશામાં ઝડપથી કેન્દ્ર સરકાર આગળ વદે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં ચીની સૈનિકોએ કેટલીક વખત ઘુસણખોરી કરી છે. જેના કારણે બન્ને દેશો વચ્ચે સંબંધોમાં તંગદીલી ઉભી થઈ હતી.

## સિગારેટના પેક ઉપર ૮૫ ટકા સ્પેસમાં ચેતવણી હશે

નવીદિલ્હી,તા. ૧૫

કેન્દ્રીય આરોગ્યમંત્રાલય દ્વારા આજે જાહેરનામુ જારી કરીને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આગામી વર્ષે એપ્રિલથી સિગારેટ અને અન્ય તમાકુ પેદાશોના પેક ઉપર ૮૫ ટકા વિસ્તારમાં ગ્રાફિક અને ટેક્સ્ટ વોર્નિંગ પ્રકાશિત કરવામાં આવશે. પેકેટ ઉપર સૌથી વધુ ક્ષેત્રમાં ચેતવણી આપવામાં આવશે. તમાકુ અને સિગારેટ આરોગ્ય માટે ખતરનાક છે તે અંગેની ચેતવણી હવે વધુ વિસ્તારમાં આવરી લેવામાં આવશે. આમા જણાવવામાં આવ્યું છે કે, ૮૫ ટકા સ્પેશ પૈકી ૬૦ ટકામાં ફોટા સાથે ચેતવણી રહેશે જ્યારે ૨૫ ટકામાં ટેક્સ્ટ વોર્નિંગ રહેશે. હાલમાં આ સ્પેશમાં ચેતવણી ૪૦ ટકા રહે છે. આરોગ્યપ્રધાન હર્ષવર્ધને ગ્લોબલ હેન્ડવોશિંગ દિવસના પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમે આજે જાહેરાત પ્રકાશિત કરી રહ્યા છે. તમાકૂનો મતલબ માત્ર મોત છે. આ બાબત તેઓ નજીકથી જોઈ ચુક્યા છે. તમાકૂની અસર ખુબ જ ખતરનાક છે. ઈએનટી સર્જન તરીકે તેઓ આ બાબત જોઈ ચુક્યા છે. વર્ધન પ્રેક્ટેશિંગ ડોક્ટર છે. આની સાથે જ ભારત થાઈલેન્ડની સાથે જોડાઈ જશે જ્યાં ચેતવણીની સાથે સિગારેટના પેક અને અન્ય તમાકૂ પેદાશો ઉપર ૮૫ ટકા સ્પેશને આવરી લેવામાં આવે છે. આ નવા પગલાથી ભારત ૧૯૮ દેશોની યાદીમાં જોડાઈ જશે જ્યાં ગ્રાફિક ફોટાઓ મારફતે ધુમ્રપાનની અસર અંગે ચેતવણી આપવામાં આવશે. ઓસ્ટ્રેલિયામાં ૮૨.૫ ટકા, ઉરૂગ્વેમાં ૮૨.૫ ટકા સ્પેશમાં આવી જાહેરાત આપવામાં આવે છે. સિગારેટ પેકેજ હેલ્થ વોર્નિંગ રિપોર્ટ મંગળવારના દિવસે જારી કરવામાં આવ્યો હતો. પહેલી એપ્રિલ ૨૦૧૫થી આને અમલી બનાવી દેવામાં આવશે.

## સમાચાર ઝલક

- નોબેલ પ્રાઈઝ વિજેતા મલાલા પર આધારિત ફિલ્મ 'ગુલ મકાઈ'નું સર્જન થશે.
- મહેસુલી તલાટીઓના પરિણામમાં ભારે છબરડાઓથી ઉગ્ર રોષ.
- જવેલર્સ અને મોટા શો રૂમ પર સુરક્ષા વ્યવસ્થામાં દિવાળીના તહેવારોમાં વધારો કરાશે.
- દિલ્હી ભાજપા કાર્યાલયમાં મહિલાઓ માટેનું ટોઈલેટ વોશરૂમ નથી.
- મનરેગા યોજના ચાલુ રાખવા મુદ્દે અગ્રણી અર્થશાસ્ત્રીઓએ વડાપ્રધાનશ્રીને પત્ર લખ્યો.
- ભારતની મહિલા પોલીસ ઈન્સ્પેકટર 'શકિત'ને મળ્યો સંયુકત રાષ્ટ્રનો પોલીસ પીસ કીપર એવોર્ડ.
- ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી હવે ફિટનેશના પુસ્તકો લખશે.
- મચ્છરોની ડંખ મારવાની શકિત મૃત:પ્રાય કરતા ધાબળા વેચાણ માટે અમદાવાદમાં આવ્યા.
- દર સપ્તાહે ઈબોલાના ૧૦૦૦૦ કેસ નોંધાય તેવી શકયાઓ.
- રાજકોટમાં માજી સંસદ સભ્ય શ્રીમતી રમાબેન માવાણીનો સોનાનો દોરો ખેંચાયો.
- આસારામ-નારાયણ સાંઈ લાંચ કેસમાં સુરત પોલિસ કમિશનર-ડીસીપીએ લાંચ માંગ્યાનો આક્ષેપ કરતા આશારામના વકીલ.
- વિશ્વમાં ૮૭ ટકા કર્મચારીઓ મનથી કામ કરતા નથી.
- ફેસબુક-ટવીટર મારફતે પણ હવે નાણાં ટ્રાન્સફર થઈ શકશે.
- હળવદ પંથકમાં નુકશાની વેઠીને પણ કપાસ વેચતા ધરતીપુત્રો.
- ધોલેરામાં શસ્ત્રોના ઉત્પાદન માટેની શકયતા.
- ઈજનેરી ઉચ્ચ શિક્ષણ માટે રાજયમાં ૬ નવા સેન્ટરો ખુલશે.
- દિવાળી માહોલ. પ્રવાસના બુકિંગમાં ૪૦ ટકાનો વધારો નોંધાયો.